ગાંધીનગર સમાચાર

# સ્વર્ણિમ યુનિ.ના વિદ્યાર્થીઓને ઈન્ક્રેડિબલ પ્લેસમેન્ટ



ગાંધીનગર, તા. ૨૨

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના વિદ્યાર્થીઓનાં પ્લેસમેન્ટનાં પરિણામ અદ્ભૂત આવ્યાં છે.

યુનિવર્સિટીના પ્લેસમેન્ટ વિભાગના વડા નિમિષ દવેના જણાવ્યા અનુસાર યુનિવર્સિટીની વર્તમાન સ્થિતિ એવી છે કે પ્લેસમેન્ટ માટે કંપનીઝ આવવા તૈયાર છે પણ યુનિવર્સિટી પાસે તેમને આપવા માટે એકપણ વિદ્યાર્થી નથી, એ હદે વિદ્યાર્થીઓનાં પ્લેસમેન્ટ થઈ ચૂક્યાં છે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯માં ૧૨૦થી વધુ કંપનીઝે યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી અને વિદ્યાર્થીને ઑફર થયેલું સૌથી મોટું પૅકેજ ૨૧ લાખ તથા સરેરાશ પૅકેજ ૩.૨૪ લાખ છે.

ઉલ્લેખનીય છે કે દેશમાં સ્વર્ણિમ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી આ પ્રકારની પ્રથમ યુનિવર્સિટી છે અને ખરેખર આવા મહત્ત્વાકાંક્ષી વિદ્યાર્થીઓ માટેનું લક્ષ્ય છે, જે બહુરાષ્ટ્રીય સંસ્થા સાથે તેમની કારકિર્દી શરૂ કરવાની ઈચ્છા ધરાવે છે, વૈશ્વિક સ્તરે નવીન ઉદ્યોગ સાહસ દ્વારા પોતાની ઉપસ્થિતિ ચિહ્નિત કરવા ઈચ્છે છે.

# CBSE ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર લાવશે

## વિદ્યાર્થીઓને લાંબા જવાબો લખવામાંથી મુક્તિ મળશે અને નાના જવાબો લખી સારો સ્કોર કરી શકશે

## વોકેશનલ અને નોન વોકેશનલ વિષયોની પરીક્ષા એમ બે ભાગ પણ પાડવામાં આવી શકે

ગાંધીનગર, તા. ૨૨

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવાની વિચારણા કરાઈ રહી છે. ૨૦૨૦માં યોજાનારી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાની પેપર પદ્ધતિમાં ફેરફાર આવશે, જેના પગલે લગભગ ફેબ્રુઆરીથી પરીક્ષા શરૂ કરી દેવામાં આવશે અને પરિણામ પણ ઝડપથી જાહેર કરી શકાશે. આ નવી પેટર્ન દ્વારા વિદ્યાર્થીઓ સારી રીતે અભ્યાસ કરી શકશે અને ઈચ્છીત ક્ષેત્રમાં જઈ શકશે. આ ઉપરાંત પેપરમાં વૈકલ્પિક પ્રશ્નોની સંખ્યામાં પણ વધારો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. ધો.૧૨માં ૧૪ વિષયોમાં ૨૦ માર્કના વૈકલ્પિક પ્રશ્નો ઉમેરવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

CBSE અંતર્ગત અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મોટા પ્રશ્નોના જવાબો લખવામાં મુશ્કેલી પડે છે. જેના પગલે નવી પરીક્ષા પદ્ધતિમાં વૈકલ્પિક પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવશે. ધો.૧૨માં પણ ૧૪ વિષયોમાં પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર પ્રમાણે ૨૦ માર્કના વૈકલ્પિક પ્રશ્નો પૂછવામાં આવશે. આ ઉપરાંત ધો.૧૦માં નાના પ્રશ્નોનો સમાવેશ કરાશે. આમ, હવે CBSEની પરીક્ષામાં વિદ્યાર્થીઓને લાંબા જવાબો લખવામાંથી મુક્તિ મળશે અને નાના જવાબો લખી સારો સ્કોર કરી શકશે.

CBSE દ્વારા આ પદ્ધતિને અંતિમ ઓપ આપી દેવાયો છે અને તેને અમલમાં પણ લાવી દીધું છે. પેપર પદ્ધતિમાં ફેરફાર થવાના પગલે હવે બોર્ડની પરીક્ષા માર્ચ સુધીમાં પૂર્ણ થઈ જશે. આ પરીક્ષા ફેબ્રુઆરી માસમાં જ શરૂ કરી દેવાશે, જેના પગલે પરિણામ વહેલા જાહેર કરી શકાશે. ચાલુ વર્ષે પણ બોર્ડ દ્વારા ખૂબ જ ઝડપી પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જોકે, આગામી પરીક્ષા બાદ પરિણામ વધુ વહેલું આવે તે માટે પ્રયાસો શરૂ કરાયા છે. CBSE દ્વારા બે પાર્ટમાં પરીક્ષા લેવાય તે અંગે પણ વિચારણા કરી રહી છે. જેમાં વોકેશનલ અને નોન વોકેશનલ વિષયોની પરીક્ષા એમ બે ભાગ પાડવામાં આવી શકે છે. વોકેશનલ વિષયની પરીક્ષામાં પહેલા એવા વિષયોની પરીક્ષા લેવામાં આવે જે વિદ્યાર્થીઓ માટે ખૂબ જ અઘરા હોય અને આ પરીક્ષા પૂર્ણ થયા બાદ ૧૫ દિવસ પછી અન્ય નોન વોકેશનલ વિષયની પરીક્ષા લેવામાં આવશે જે માર્ચનાં અંત સુધીમાં પૂર્ણ થશે.

# જન્મદિને વધામણી



તારાબા અંબુસિંહ વિહોલ
ફોન : ૨૩૨૩૪૯૭૭




જયપ્રભાબેન
બિપીનભાઈ ભાવસાર
મો. ૯૭૨૩૬ ૭૧૦૨૨



નિસર્ગાબેન પી ત્રિવેદી
મો. ૯૯૯૮૧ ૯૦૯૯૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# રેડિયન્ટ સ્કૂલ અંગ્રેજી માધ્યમનું પરિણામ ૧૦૦ ટકા



સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સના અંગ્રેજી વિભાગનું ઍસઍસસીનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે, ગુજરાતી માધ્યમનું રિઝલ્ટ ૯૬ ટકા જેટલું આવ્યું છે.

સ્કૂલના વિદ્યાર્થી પૂજન એન વ્યાસ, હેમંત કે પ્રજાપતિ, સોનુ એસ ચૌધરી અને અંકુર આર ડામોરે એ૨ ગ્રેડ હાંસલ કર્યો છે.

શાળાના શ્રેષ્ઠ પરિણામ, વિદ્યાર્થીઓની સિદ્ધિ તેમજ શિક્ષકોનાં ઉત્તમ શિક્ષણકાર્ય બદલ સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કેમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ વિદ્યાર્થીઓ તથા સ્ટાફને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી છે.

# કૃષિ યુનિવર્સિટીમાં વેટરનરી કોર્સની ઓલ ઈન્ડિયા ક્વોટાની બેઠકો નીટથી ભરાશે

ગાંધીનગર, તા. ૨૨

રાજ્યમાં આવેલી ચાર કૃષિ યુનિવર્સિટીઓમાં ચાલતાં બેચરલ ઓફ વેટરનરી સાયન્સ અને એનિમલ હસબન્ડરીના કોર્સની ઓલ ઈન્ડિયા ક્વોટાની ૧૫ ટકા બેઠકો હવે પછી આ બેઠકો નીટના માધ્યમથી ભરવાનું નક્કી કરાયું છે. જ્યારે બાકીની બેઠકો ગુજકેટના માધ્યમથી ભરવામાં આવશે. આ નિર્ણયના કારણે નીટ આપનારા વિદ્યાર્થીઓ માટે કૃષિ યુનિવર્સિટીના આ બે કોર્સમાં પ્રવેશની તક ઉપલબ્ધ થશે.

રાજ્યની ચાર કૃષિ યુનિવર્સિટીઓ જેવી કે, આણંદ, જૂનાગઢ, દાંતીવાડા અને નવસારીમાં ચાલતાં બેચરલ ઓફ વેટરનરી સાયન્સ અને એનિમલ હસબન્ડરીનો કોર્સની ૧૫ ટકા બેઠકો ઓલ ઈન્ડિયા ક્વોટામાં ફાળવવામાં આવે છે. આ ૧૫ ટકા બેઠકો માટે એગ્રિકલ્ચર કાઉન્સિલ દ્વારા અલગથી એન્ટ્રન્સ એક્ઝામ લેવામાં આવતી હતી. પરંતુ હવે પછી આ ૧૫ ટકા બેઠકો નીટથી જ ભરવાનું નક્કી કરાયું છે. જ્યારે આ જ કોર્સની બાકી રહેતી ૮૫ ટકા બેઠકો પર ગુજકેટના આધારે પ્રવેશ ફાળવવામાં આવશે. વેટરનરી કાઉન્સિલ દ્વારા પણ આ અંગેની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. કૃષિ યુનિવર્સિટીના સૂત્રો કહે છે અત્યાર સુધી વિદ્યાર્થીઓએ જુદી જુદી ત્રણથી ચાર પરીક્ષાઓ આપવી પડતી હતી. નીટ, ગુજકેટ અને કૃષિ યુનિવર્સિટી માટે અલગથી લેવાતી એક્ઝામ પણ વિદ્યાર્થીઓએ આપવી પડતી હતી. હવે નીટના આધારે જ પ્રવેશ થવાના કારણે મેડિકલ-ડેન્ટલ બાદ આ જ પરીક્ષાના આધારે વિદ્યાર્થીઓ ઓલ ઈન્ડિયા ક્વોટાની બેઠક પર પ્રવેશ મેળવી શકશે.

મેડિકલ અને ડેન્ટલ માટે લેવાયેલી નીટનું પરિણામ જાહેર થયા બાદ પ્રવેશની પ્રક્રિયા જાહેર કરવામાં આવશે. સોમવારના રોજ ઓરિસ્સા અને કર્ણાટકમાં રદ કરાયેલી નીટની પરીક્ષા લેવામાં આવી છે. સાયકલોનના કારણે આ બન્ને રાજ્યોમાં નીટની પરીક્ષા રદ કરવામાં આવી હતી. આ પરીક્ષા પૂર્ણ થયા બાદ હવે નીટનું મેરિટ લિસ્ટ જાહેર કરવામાં આવશે. જેના આધારે ગુજરાત સહિત જુદા જુદા રાજ્યોમાં પ્રવેશની કાર્યવાહી કરવામાં આવશે.

જૂનના પહેલા સપ્તાહમાં મેડિકલની પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવે તેવી શક્યતા છે.

# પ્રેરણા વિદ્યાલયનું ૭૪ ટકા પરિણામ

ગાંધીનગર, તા. ૨૨

સૅક્ટર-૫ એમાં કાર્યરત પ્રેરણા વિદ્યાલયનું એસએસસીનું પરિણામ ૭૪ ટકા આવ્યું છે. ઍસઍસસીની પરીક્ષામાં સ્કૂલના ૫૦ વિદ્યાર્થીઓ બેઠા હતા, જે પૈકી ૩૭ વિદ્યાર્થીઓ પાસ થયા છે.

અંકિત રામમિલન પરિહાર, ધ્રુવ ગોપાલભાઈ વાઘેલા પ્રથમ, રૂદ્ર તેજસભાઈ દવે દ્વિતીય અને દર્શના નરેશકુમાર ગોહિલ શાળામાં તૃતિય ક્રમે ઉત્તીર્ણ થયાં છે.

આચાર્ય મનીષ ખત્રી અને મેનેજિંગ ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલાએ ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને બિરદાવી તેમને અભિનંદન સહ તેજસ્વી કારકિર્દી માટે શુભકામનાઓ પાઠવી છે.

# સિદ્ધાર્થ લૉ કૉલેજમાં ૨૭મીથી પ્રવેશકાર્ય

ગાંધીનગર, તા. ૨૨

સિદ્ધાર્થ લૉ કૉલેજ, ગાંધીનગર ખાતે ઍલઍલબીના સેમેસ્ટર-૩ અને ૫ માટે પ્રવેશની કાર્યવાહી ૨૭ મેથી આરંભાઈ રહી છે. આચાર્ય દ્વારા આ અંગેની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે આ પ્રવેશ કાર્યવાહી ૬ જૂન સુધી કાયમ રહેશે, જેની વિગતો કૉલેજના નોટિસ બોર્ડ પર મૂકવામાં આવી છે.

વિદ્યાર્થીઓને છેલ્લી તારીખની રાહ ન જોતાં સત્વરે પ્રવેશ મેળવી લેવા તેમના દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# નવા સત્રથી સ્કૂલ ફી વધારો નિશ્ચિત ?

ગાંધીનગર,તા. ૨૨

નવા શૈક્ષણિક સત્ર માટે શાળાઓની ફી મંજૂર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ફી કમિટીએ શાળાઓ પાસેથી એફિડેવિટ મગાવી હતી અને અમદાવાદ શહેરની ૯૬૭ શાળાએ કમિટી સમક્ષ એફિડેવિટ રજૂ કરી દીધી છે. જ્યારે ચાર શાળાએ ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરી છે. જે શાળાએ કમિટી સમક્ષ એફિડેવિટ કરી છે તે પૈકી મોટાભાગની શાળાએ ૧૦ ટકાનો ફી વધારો માગ્યો છે. આ વધારા બાદ પણ તેમની ફી સરકારના નક્કી કરેલા ધોરણ કરતા વધતી ન હોવાથી શાળાએ એફિડેવિટ રજૂ કરી છે. ટૂંક સમયમાં ફી કમિટી ફી અંગેની મંજૂરીના ઓર્ડર ઈશ્યૂ કરશે. આ શાળાને મહત્તમ ૧૦ ટકા ફી વધારા સાથે એફિડેવિટ કરવાની છૂટ હોવાથી જે શાળાએ ૧૦ ટકા સુધીનો ફી વધારો માગ્યો હશે તેમને મંજૂરી મળી જશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

રાજ્ય સરકારે ખાનગી શાળાઓ દ્વારા લેવામાં આવતી બેફામ ફી પર લગામ કસવા ફી નિયમન વિધેયક પસાર કરી ફી માળખું નક્કી કર્યું હતું. સરકારે ખાનગી પ્રાથમિક શાળાની ફી રૂ. ૧૫ હજાર, માધ્યમિક શાળાની ફી રૂ. ૨૫ હજાર અને સાયન્સની ઉચ્ચતર માધ્યમિક શાળાની ફી રૂ. ૩૦ હજાર નક્કી કરી હતી. જે શાળા આ ફી માળખા કરતા વધુ ફી લેવા માગતી હોય તેમણે ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરી ફી મંજૂર કરાવવાની રહેશે તેમ પણ જણાવાયું હતું. ઉપરાંત, જે શાળાએ સરકાર દ્વારા નક્કી કરેલા ફી ધોરણ અથવા તેના કરતા ઓછી ફી રાખી હોય તેમને ફી કમિટી સમક્ષ માત્ર એફિડેવિટ આપી પોતાની ફી મંજૂર કરાવવાની હોય છે. જેના પગલે શૈક્ષણિક ૨૦૧૯-૨૦ માટે શાળાએ પોતાની ફી મંજૂર કરાવવાની હોઈ કમિટી સમક્ષ એફિડેવિટ જમા કરાવવા માટે આદેશ કરાયો હતો. આ માટે શાળાને પરિપત્ર કરી તેમની ફી અંગે એફિડેવિટ જમા કરાવવા માટે તાકીદ કરાઈ હતી. શહેરની ચાર શાળા એવી છે કે, જેમણે ગત વર્ષે ફી મંજૂર કરાવી હતી. પરંતુ ચાલુ વર્ષે ૧૦ ટકા જેટલો ફી વધારો કરવાના લીધે તેમની ફી સરકાર દ્વારા નક્કી કરેલા ધોરણ કરતા વધી જાય છે. જેથી આ શાળાએ ચાલુ વર્ષે ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરી છે. ફી કમિટી દ્વારા હવે આ શાળાની એફિડેવિટની ચકાસણી કરી શાળાને ફી અંગેની મંજૂરી આપશે. જે શાળાએ અસામાન્ય ફી વધારો માગ્યો હશે તેવી શાળાનું હીયરિંગ રાખ્યા બાદ ફી કમિટી તે અંગે નિર્ણય લેશે.

# અંકશાસ્ત્રની ગણતરીએ કઈ બેઠક કોણ જીતશે ?

લોકસભાની તમામ ચૂંટણીમાં વિજેતા થયેલા ઉમેદવારોની રાશિના આધારે અને છેલ્લી બે ટર્મના વિજેતાઓની રાશિના મુજબ સરેરાશ કઈ રાશિના વિજેતા થયા તેની ગણતરી કરીને અંકશાસ્ત્ર મુજબ ગણિતની સંભાવના અનુસાર વિજેતાઓનું આકલન. અલબત્ત, ખરા વિજેતા તો ભારતના નાગરિકો છે, જેઓ અભિનંદનને પાત્ર છે.

| લોકસભા વિસ્તાર | ઉમેદવારની રાશિ | વિજેતા ઉમેદવાર (ભાજપ/કોંગ્રેસ) |
|---|---|---|
| અમદાવાદ પૂર્વ | કર્ક | ભાજપ |
| અમદાવાદ પશ્ચિમ | મિથુન | ભાજપ |
| અમરેલી | કન્યા | કોંગ્રેસ |
| આણંદ | ધન | કોંગ્રેસ |
| બનાસકાંઠા | કન્યા | ભાજપ |
| બારડોલી-એસટી | કન્યા | ભાજપ |
| ભરૂચ | સિંહ | ભાજપ |
| ભાવનગર | ધન | ભાજપ |
| છોટા ઉદેપુર-એસટી | તુલા | કોંગ્રેસ |
| દાહોદ-એસટી | વૃષભ | કોંગ્રેસ |
| ગાંધીનગર | મેષ | ભાજપ |
| જામનગર | કન્યા | ભાજપ |
| જૂનાગઢ | કન્યા | કોંગ્રેસ |
| કચ્છ-એસસી | વૃષભ | ભાજપ |
| ખેડા | મીન | ભાજપ |
| મહેસાણા | મેષ | કોંગ્રેસ |
| નવસારી | મીન | ભાજપ |
| પંચમહાલ | તુલા | ભાજપ |
| પાટણ | મકર | કોંગ્રેસ |
| પોરબંદર | તુલા | ભાજપ |
| રાજકોટ | સિંહ | ભાજપ |
| સાબરકાંઠા | મીન | ભાજપ |
| સુરત | કુંભ | ભાજપ |
| સુરેન્દ્રનગર | સિંહ | ભાજપ |
| વડોદરા | તુલા | ભાજપ |
| વલસાડ-એસટી | મિથુન | ભાજપ |

- કિરીટ બી ત્રિવેદી 'નિમિત'

# સોમવારે અમદાવાદમાં સાહિત્યસફર કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૨૨

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા શ્રી નિરૂપમ નાણાવટી અને શ્રી સલીલ મહેતા (સૂરીલી સરગમ)ના સહયોગથી તારીખ ૨૭મી મે ને સોમવારના રોજ સાંજે ૦૫-૩૦ કલાકે આત્મા હૉલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે વાર્તાકાર, લઘુકથાકાર, વિવેચક માય ડિયર જયુના ૮૦મા જન્મદિનપ્રસંગે 'શબ્દજયોતિ' શીર્ષક હેઠળ સાહિત્યસફર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં સાહિત્યકાર માય ડિયર જયુ પોતાનાં જીવન-કવન વિશે વક્તવ્ય આપશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક'શ્વેત' દ્વારા કરવામાં આવશે. આ પ્રસંગે સાહિત્યકારો તેમજ સાહિત્યરસિકો ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમને માણવા કોઈપણ પ્રવેશ ફી રાખવામાં આવી નથી. સૌ સાહિત્યરસિકોને કાર્યક્રમ માણવા સંસ્થા તરફથી ઈજન પાઠવવામાં આવ્યું છે.

# એસએસસીની પરીક્ષામાં સોજા હાઈસ્કૂલનું પરિણામ ૪૯ ટકા

ગાંધીનગર, તા. ૨૨

શેઠ એચ એમ સાર્વજનિક હાઈસ્કૂલ, સોજાનું ગુજરાત માધ્યમિક શિક્ષણ બૉર્ડ દ્વારા લેવામાં આવેલી માધ્યમિક શાળાંત પરીક્ષાનું પરિણામ ૪૯ ટકા આવ્યું છે. શાળામાં વિદ્યાર્થિની અર્પિતા જગદીશભાઈ પરમાર પ્રથમ, દેવયાની મિનેષસિંહ પરમાર દ્વિતીય અને વિદ્યાર્થી ઈન્દ્રજીત વિક્રમસિંહ ખેર તૃતિય ક્રમે ઉત્તીર્ણ થયા છે. સોજા હાઈસ્કૂલ અને ગામનું ગૌરવ વધારનારા આ વિદ્યાર્થીઓને શાળા પરિવાર દ્વારા બિરદાવી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

# ગાંધીનગરના રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા રાજા રામમોહનરાય જન્મજયંતી ઉજવાઈ



ગાંધીનગર, તા. ૨૨

રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર દ્વારા સમાજ સુધારક અને પુસ્તકપ્રેમી રાજા રામમોહન રાયની જન્મજયંતી ઉજવવામાં આવી હતી. ગ્રંથપાલ ડૉ. પંકજ કે ગોસ્વામીએ રાજા રામમોહન રાયના જીવન અને કાર્યો વિશે સૌને માહિતગાર કરાવ્યાં હતાં. ભારત સરકાર દ્વારા સમગ્ર ભારતનાં સાર્વજનિક ગ્રંથાલયોનાં વિકાસ માટે કાર્યરત રાજા રામમોહન રાય લાયબ્રેરી ફાઉન્ડેશન, કલકત્તા ઉપરાંત ગુજરાત સરકાર દ્વારા સાર્વજનિક ગ્રંથાલયોને મળતી અનેકવિધ સહાયોનો ઉલ્લેખ પણ તેમણે આ પ્રસંગે કર્યો હતો.

ગ્રંથાલયના તમામ કર્મચારીઓ ઉપરાંત વાચકોએ પણ આ ઉજવણીમાં ભાગ લીધો હતો.

# થેલેસેમિયાગ્રસ્ત બાળકો માટે રક્તદાન શિબિર




આશીર્વાદ ફાઉન્ડેશન, ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, નિરમા યુનવર્સિટીના વિદ્યાર્થીઓ અને સલોની પટેલ અને રિતિકા પટેલ દ્વારા આશીર્વાદ ફાઉન્ડેશનમાં થેલેસેમિયા બાળકો માટે રક્તદાન શિબિરનું આયોજન નારણપુરા, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. આ રક્તદાન શિબિરમાં ૩૫ બોટલ રક્તનું દાન પ્રાપ્ત કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના ચેરમેન આર. એસ. પટેલ દ્વારા આ શિબિર માટે તમામ સહાય આપવા માટે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી પ્રતિ આભારની લાગણી પ્રગટ કરવામાં આવી હતી.

# ગાંધીજીનો વિનોદ

॥ ૩૬મો મણકો ॥

### ૯૩ - પરશુરામ તો ભીમ છે




એકવાર ગાંધીજી રેલગાડીમાં મુસાફરી કરી રહ્યા હતા. તેઓ જે ડબ્બામાં બેઠા હતા તે ડબ્બાના જાજરૂનું બારણું ઊઘડતું ન હતું. મંડળીમાં બેઠેલા પરશુરામને ગાંધીજીએ કહ્યું, આ બારણું ઉઘાડો.

પરશુરામે ઘણો પ્રયત્ન કર્યો પણ બારણું ઊઘડ્યું નહીં. ગાંધીજીએ તેમને હાથરૂમાલ આપ્યો. તેની મદદથી તેમણે બારણું ઉઘાડ્યું, પણ રૂમાલના બે કકડા થઈ ગયા. પાસે બેઠેલાં બાએ પરશુરામની તાકાતની કદર કરી એટલે ગાંધીજી બોલ્યા, અરે ! પરશુરામ તો ભીમ છે.

કમ્પાર્ટમૅન્ટમાં બેઠેલાં બધાં હસી પડ્યાં. પ્રત્યેક વ્યક્તિની કામની કદર કરનારા ગાંધીજીએ પરશુરામને ભીમની પદવી આપી તેની પણ કદર કરી.

### ૯૪ - બાપુને કોઈ પ્રધાન બનાવતું નથી

એકવાર ગાંધીજીને કોઈ કાર્યકરે પત્ર લખ્યો. તેમાં તેમણે ફરિયાદ કરી કે પોતે ૩૦, ૩૨, ૪૦ અને ૪૨ની લડતમાં જેલમાં ગયા છતાં તેમને હવે ક્યાંય સ્થાન મળતું નથી.

આ પત્ર વંચાતો હતો ત્યારે સરદાર હાજર હતા. તે બોલી ઊઠ્યા કે તેમને લખો કે તમે તો આટલી જ વાર જેલમાં ગયા છો પણ બાપુ તો આફ્રિકા અને હિંદમાં અનેકવાર જેલમાં ગયા છે. છતાં તેમને કોઈ પ્રધાન બનાવતું નથી, તેનું શું ?

હાસ્યની છોળો ઊડતી હતી, ત્યાં ગાંધીજીએ ઉમેર્યું, હા, હા, વાત તો સાચી છે.

### ૯૫ - હિપહિપ હુર્રે

પ્રભુદાસ ગાંધી નાના હતા ત્યારે 'ર'ને સ્થાને 'લ' બોલતા હતા. ગાંધીજીના પુત્ર રામદાસભાઈને તે લામદાસકાકા કહીને બોલાવતા. ગાંધીજીએ તેની ભૂલ સુધારવાનો પ્રયત્ન કર્યો પણ પ્રભુદાસભાઈ રામદાસકાકાને સ્થાન લામદાસકાકા જ બોલે.

એક દિવસ કેટલાંક બાળકો ગાંધીજીની આસપાસ ભેગાં થયાં હતાં. ગાંધીજી તેમને ગમ્મત કરાવવા લાગ્યા. તેમણે બાળકોને કહ્યું, બોલો હિપહિપ હુર્રે.

બાળકો : હિપહિપ હૂર્રે.

ગાંધીજી : હા, ચાલુ રાખો.

બાળકોએ બોલવાનું ચાલુ રાખ્યું.

પ્રભુદાસભાઈ તરફ જોઈ ગાંધીજી બોલ્યા,

બોલો પ્રભુદાસ, હિપહિપ હૂર્રે.

પ્રભુદાસભાઈ, હિપહિપ હૂર્રે. રામદાસકાકા. હિપહિપ હૂર્રે. રામદાસકાકા.

ગાંધીજી : શાબાશ. રામદાસકાકા બોલતાં આવડી ગયું.

આમ બાળકોને ગમ્મત કરાવતાં પ્રભુદાસભાઈને શિક્ષણ પણ ગાંધીજીએ આપી દીધું.



'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર